# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 16/11/2025** **Morning : 7.10 to 7.20**
**Day : SUNDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

---

1. **નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ કહ્યું કે , ખેડૂતોને કોઇપણ સમસ્યાનો સામનો કરવો પડશે તો તંત્ર સામે પગલાં લેવાશે.**
2. **આજથી અમદાવાદ સહિત રાજયભરના અનેક સ્થળોએ યુનિટી માર્ચ યોજાશે.**
3. **ભગવાન બિરસા મુંડાની 150મી જન્મજયંતિની ઉજવણી અંતર્ગત રાજ્યભરમાં વિવિધ કાર્યક્રમ યોજાયા.**
4. **સુરતના ઉંબેર ખાતે પ્રધાનમંત્રી આવાસ યોજનાનું અને મોરબીમાં માર્ગોના કામનું ખાતમુહૂર્ત થયું**
5. **બીજી ઇનિંગમાં દક્ષિણ આફ્રિકાની 93 રનમાં સાત વિકેટ પડી જતાં કોલકત્તાના ઇડનગાર્ડન્સ પર રમાઇ રહેલી પહેલીટેસ્ટ રસપ્રદ બની.**

---

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....

# HARSH SANGHVI

સુરત ખાતે ગઇકાલે મોડી સાંજે આયોજીત એક કાર્યક્રમમાં નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ કહ્યું છે કે ખેડૂતોને કોઇપણ સમસ્યાનો સામનો કરવો પડશે તો તંત્ર સામે પગલાં લેવામાં આવશે.

તેમણે કહ્યું હતું કે સરકારે ખેડૂતોની સહાય માટે વધુને વધુ આર્થિક સહાય મળી રહે તેવો અભિગમ અપનાવ્યો છે.

## બાઇટ- હર્ષ સંઘવી, નાયબ મુખ્યમંત્રી

---

# SARDAR – UNITY MARCH

સરદાર વલ્લભભાઈ પટેલની 150મી જન્મજયંતીની ઉજવણીના ભાગ રૂપે અમદાવાદ જિલ્લા માં આજથી ૨૪ નવેમ્બર દરમિયાન વિધાનસભા સ્તરે 21 સ્થળોએ પદયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. સૌ પ્રથમ દિવસે નિકોલ ખાતે જિલ્લા કક્ષાનો કાર્યક્રમ યોજાશે.

આ પદયાત્રાનો હેતુ, સરદાર પટેલના એકીકૃત ભારતના દ્રષ્ટિકોણથી યુવાનો પ્રેરાઇ પ્રધાનમંત્રીના “વિકસિત અને આત્મનિર્ભર ભારત ”ના મિશનમાં જોડાઈ સાચા અર્થમાં જનભાગીદારીના સંકલ્પને સાર્થક કરવાનો છે. આંબલીમાં પણ આ યાત્રા યોજાશે.

---

# SARDAR- EKTA PADYATRA

કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવિયા અને રાજ્યના કેબિનેટ મંત્રી અર્જુન મોઢવાડિયાએ સરદાર વલ્લભભાઈ પટેલની 150મી જન્મ જયંતી ઉજવણી અંતર્ગત પોરબંદરમાં ગાંધી સ્મૃતિ ભવનથી શરૂ થયેલી પદયાત્રાને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવ્યુ હતું. આઠ કિલોમીટર લાંબી પદયાત્રામાં મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા.પોરબંદર રેલવે સ્ટેશન પાસે સરદારની પ્રતિમાએ પુષ્પાંજલિ અર્પણ કરાઈ હતી.

પાટણ જિલ્લાની ચાર વિધાનસભામાં 17થી 20 નવેમ્બર દરમિયાન પદયાત્રા યોજાશે. આવતીકાલે રાધનપુર ખાતે જ્યારે 18મીએ ચાણસ્મા ખાતે પદયાત્રા યોજાશે.

---

# CHOTADEPUR

છોટાઉદેપુર ખાતે યોજાયેલા ભગવાન બિરસા મુંડાની 150 મી જન્મ જ્યંતીની ઉજવણી પ્રસંગે રાજ્ય કક્ષાના મંત્રી અને પ્રભારી મંત્રી ડૉ. મનિષા વકીલે એસ.એફ. હાઈસ્કૂલ ચોકડીથી છોટાઉદેપુર જનરલ હોસ્પિટલ સુધીના માર્ગને ભગવાન બિરસા મુંડા માર્ગનુ નામાભિમાન કર્યું હતું..

કાર્યક્રમમાં મહાનુભાવોના હસ્તે ભગવાન બિરસા મુંડા અને આદિવાસી દેવી-દેવતાઓનું પૂંજન કરી પુષ્પર્પણ કરવામાં આવ્યું હતું. તો મહાનુભાવોના હસ્તે આદિવાસી સમાજના વિશિષ્ટ સિદ્ધિ મેળવનાર વિદ્યાર્થીઓનું અને રમતવીરોની સન્માન કરવામાં આવ્યું હતું.

આ અંગે મંત્રીશ્રીએ જણાવ્યું.

## બાઈટ મનીષા વકીલ,રાજ્ય કક્ષાના મંત્રી

---

## BIRSA MUNDA 150 JAYANTI

રાજયભરમાં ગઇકાલે ભગવાન બિરસા મુંડાની 150મી જન્મજયંતિની ઉજવણી અંતર્ગત વિવિધ કાર્યક્રમો યોજાયા. પંચમહાલમાં પ્રભારી મંત્રી રમેશ કટારાની અધ્યક્ષતામાં યોજાયેલા કાર્યક્રમમાં લાભાર્થીઓને સરકારી યોજનાઓના લાભોનું વિતરણ કરાયું.

રાજકોટ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા 'જનજાતીય ગૌરવ વર્ષ ' ની ઉજવણી કાર્યક્રમનું આયોજન કરાયું. જેમાં 972 લાખ રૂપિયાના વિકાસ કાર્યોનું લોકાર્પણ તથા ખાતમુહૂર્ત કરાયું.આ ઉપરાંત ધર્મેન્દ્રસિંહજી કોલેજના ગ્રાઉન્ડ ખાતે સેવાસેતુ કાર્યક્રમ યોજાયો જેનો મોટી સંખ્યામાં નાગરિકોએ લાભ લીધો.

---

## PM MODI SURAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગઇકાલના તેમના ગુજરાત પ્રવાસના અંતિમ ચરણમાં સુરત ખાતે બિહારના લોકોને સંબોધન કર્યું હતું.. બિહારની ચૂંટણીમાં વિજય બાદ પ્રધાનમંત્રીએ સુરતમાં વસતા બિહારના લોકોને સંબોધતા બિહારના ભારોભાર વખાણ કર્યા હતાં.

### (બાઇટ- PM MODI)

---

# MORBI KAHTMURUT

રાજ્યમંત્રી કાંતિભાઈ અમૃતિયાએ ગઇકાલે મોરબીમાં બેલા રંગપર ખાતે  અંદાજે 59.77 કરોડથી વધુના રસ્તાના કામોનું ખાતમુહૂર્ત કર્યું.

જેમાં વાહન વ્યવહાર સુગમ બનાવવા તથા પરિવહન ક્ષેત્રે માળખાકીય પરિવર્તન માટે  28.43  કરોડથી વધુના ખર્ચે બેલા ભરતનગર રોડ અને  7.90 કરોડના ખર્ચે પીપળીયા-મહેન્દ્રગઢ-સરવડ રસ્તાનું રીસર્ફેસિંગ સહિતના કાર્યોનો સમાવેશ થાય છે.

---

# SURAT-AAVAS KHATMUHURT

સુરતના ઉંબેર ખાતે  2 હજાર  472 લાખ રૂપિયાના ખર્ચે પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) અંતર્ગત  618 આવાસ નિર્માણ કાર્યનું ધારાસભ્ય સંદિપ દેસાઈએ ખાતમુહૂર્ત કર્યું. કનસાડ,સચિન,ઉન અને આભવા વિસ્તારમાં આ આવાસોનું નિર્માણ કરાશે.

આ પ્રસંગે શ્રી દેસાઇએ જણાવ્યુ કે પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત આ આવાસો દ્વારા આર્થિક રીતે નબળા અને મધ્યમ વર્ગના પરિવારોને સસ્તું અને ગુણવત્તાસભર રહેઠાણ ઉપલબ્ધ થશે.

---

# GIR SOMNATH CAMP

રાજ્ય સરકાર દ્વારા પ્રજાના કલ્યાણ માટે કાર્યરત કર્મચારીઓના સ્વાસ્થ્યની પણ દરકાર લેવાય તે માટે ‘ જી-કેટેગરી’ના આયુષ્માન આરોગ્ય કાર્ડ અંગેનો સ્વાસ્થ્યલક્ષી નિર્ણય લેવાયો છે.

**તેને ધ્યાનમાં રાખીને જિલ્લાના કર્મચારીઓને પોતાના કાર્યસ્થળે જ આ કાર્ડ મળી રહે તે માટે જી-કેટેગરીના કાર્ડના કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમ જિલ્લા બાળ અને પ્રજનન અધિકારી ડૉ.અરૂણ રોયે જણાવ્યું હતું.**

# બાઈટ -ડૉ. અરૂણ રોય

---

# GARVI GURJARI

રાજ્યના હાથશાળ અને હસ્તકલા વિકા નિગમ અંતર્ગત એપ્રિલથી ઓક્ટોબર 2025 સુધીના છ મહિનામાં ગરવી ગુર્જરી એમ્પોરિયમે 17 કરોડથી વધુ સ્વદેશી ચીજવસ્તુઓનું વેચાણ કર્યું. સાંભળીએ એક અહેવાલ..

**(વોઇસકાસ્ટ - અજય ઇન્દ્રેકર)**

***(પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના હર ઘર સ્વદેશી, ઘર ઘર સ્વદેશી અભિયાનને ગતિમય બનાવવા માટે રાજ્યના હાથસાળ અને હસ્તકળાની સ્વદેશી બનાવટો સ્થાનિક કલાકારોને વિશેષ પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે. છેલ્લા છ મહિનામાં ગરવી ગુર્જરીએ રાજ્યમાં અને રાજ્ય બહાર 34 મેળા પ્રદર્શન યોજવામાં આવ્યા હતાં. સ્થાનિક કારીગરોને વધુમાં વધુ રોજગારી મળે તે માટે નિગમ દ્વારા તાલીમ સહઉત્પાદન કેન્દ્રો દ્વારા હસ્તકલાની ચીજવસ્તુઓના ખરીદ ઓર્ડર કારીગરોને આપવામાં આવ્યા છે. સાત હજારથી વધુ હાથસાળ અને હસ્તકલા કારીગરોને નિગમ દ્વારા રોજગારી આપવામાં આવી છે.***

***અજય ઇન્દ્રેકર, આકાશવાણી સમાચાર, અમદાવાદ)***

---

# FORIGNERS VISIT

રાજ્ય સરકાર દ્વારા આયોજિત ‘આંતરરાષ્ટ્રીય નોલેજ એક્સચેન્જ કાર્યક્રમ’ના ભાગરૂપે ભાસ્કરાચાર્ય ઇન્સ્ટિટ્યૂટ ફોર સ્પેસ એપ્લિકેશન્સ એન્ડ જીઓ-ઇન્ફોર્મેટિક્સ-BISAGની ૧૭ વિદેશી પ્રતિનિધિઓ ગુજરાતની મુલાકાતે આવ્યા છે. આ મુલાકાત દરમિયાન  વિદેશી પ્રતિનિધિઓની ટીમે ગાંધીનગર સ્થિત ગુજરાત ઈકોલોજિકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ-‘ગીર’ ફાઉન્ડેશનની મુલાકાત લીધી હતી.

આ આંતરરાષ્ટ્રીય નોલેજ એક્સચેન્જ કાર્યક્રમમાં બાંગ્લાદેશ, અલ્જીરિયા, તાજિકિસ્તાન, બ્રુનેઇ દારુસ્સલામ, યુગાન્ડા, કિંગડમ ઓફ ઇસ્વાતિની, નાઇજેરિયા, ઇસ્વાતિની, મોરીશિયસ અને શ્રીલંકાના પ્રતિનિધિઓનો સહભાગી થયા છે. જેમને ઇન્દ્રોડા પાર્ક વિશેની વસ્તૃત સમજ આપવામાં આવી હતી.

આ ઉપરાંત પ્રતિનિધિમંડળે ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાન, ડાયનોસોર અને ફોસિલ પાર્ક, બોટાનિકલ ગાર્ડન અને ઝૂ સહિતના વિવિધ વિભાગોની મુલાકાત લીધી હતી.

---

# TEST-CRICKET

ભારત-દક્ષિણ આફ્રિકા વચ્ચે રમાઈ રહેલી પ્રથમ ટેસ્ટ મેચના આજે ત્રીજા દિવસે દક્ષિણ આફ્રિકા 7 વિકેટે 93 રનના ગઇકાલના સ્કોર સાથે તેની રમત આગળ રમશે.

કોલકાતાના ઇડન ગાર્ડન્સ ખાતે રમાઈ રહેલી આ મેચમાં ગઈકાલની રમતના અંતે કેપ્ટન ટેમ્બા બાવુમા 29 રન અને કોર્બિન બોશ 1 રન સાથે રમતમાં હતા. દક્ષિણ આફ્રિકાએ અત્યાર સુધીમાં ભારત પર 63 રનની લીડ મેળવી છે.

આ પહેલા, ગઈકાલે ભારતનો પ્રથમ દાવ 189 રન પર સમેટાઈ ગયો હતો. ભારત તરફથી કેએલ રાહુલે સૌથી વધુ 39 રન જ્યારે વોશિંગ્ટન સુંદરે 29 રન બનાવ્યા હતા. પ્રથમ બેટિંગ કરતા દક્ષિણ આફ્રિકાએ પ્રથમ દાવમાં 159 રન બનાવ્યા હતા. ભારતીય બોલર જસપ્રીત બુમરાહે શાનદાર પ્રદર્શન કરતાં પાંચ અને મોહમ્મદ સિરાજ અને કુલદીપ યાદવે બે-બે વિકેટ લીધી હતી.

---

## INDIA – SOUTH AFRICA TEAM METCH

ભારત A અને દક્ષિણ આફ્રિકા A ટીમ વચ્ચે આજે રાજકોટના નીરંજન શાહ સ્ટેડિયમ ખાતે બિનસત્તાવાર બીજી ODI મેચ રમાશે. આ મેચ બપોરે દોઢ વાગ્યે શરૂ થશે.

મેચ જોવા આવનાર લોકોને સ્ટેડિયમમાં નિશુલ્ક પ્રવેશ અપાશે. ઉલ્લેખનીય છે કે પહેલી મેચમાં ભારત A ટિમનો 4 વિકેટે વિજય થયો હતો.

---